# નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

## ઇ-પરીપત્ર

૭૪માં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી નિમિત્તે ડૉ. એસ. આર. ચૌધરી, માનનીય કુલપતિશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીની ઉપસ્થિતિમાં નીચે દર્શાવ્યા મુજબ ધ્વજવંદનનો કાર્યક્રમ રાખવામા આવેલ છે. પ્રસ્તુત ઉજવણીમાં નવસારી કૃષિ યુનિવર્સિટીના સર્વે અધિકારીશ્રીઓ, પ્રાધ્યાપકશ્રીઓ, સંશોધન વૈજ્ઞાનિકશ્રીઓ સહિત તમામ કર્મચારીઓ તેમજ નવસારી કૃષિ યુનિવર્સિટી પરિવારના તમામ ભાઈ-બહેનોએ નીચે જણાવેલ સ્થળે યોજવામાં આવનાર કાર્યક્રમમાં સહભાગી થવા ભાવભીનું નિમંત્રણ પાઠવવામાં આવે છે.

ઉપરોક્ત કાર્યક્રમમાં હાજર રહેનાર સર્વેએ સરકારશ્રી દ્વારા બહાર પાડવામાં આવેલ કોરોના મહામારીને લગતી માર્ગદર્શક સુચનાઓનું પાલન કરવાનું રહેશે. દરેક વ્યક્તિએ **ફેસમાસ્ક** પહેરીને આવવાનું રહેશે. તેમજ બે વ્યક્તિ વચ્ચે **બે મીટરનું અંતર** જાળવવાનું રહેશે. કોરોના સંક્રમણને ધ્યાને રાખી નાના બાળકો અને મોટી ઉંમરના વ્યક્તિઓ (સિનિયર સીટીઝન) આ રાષ્ટ્રીય પર્વ ઘરે રહીને ઉજવે તે ઇચ્છનીય છે.

**તારીખ : ૧૫/૦૮/૨૦૨૦, (શનિવાર)** **સમય: સવારે ૦૮:૩૦ કલાકે**
**સ્થળ : યુનિવર્સિટી ભવન, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી**

નિયામક
વિદ્યાર્થી કલ્યાણ

જા.નં.નકૃયુ/નિવિક/સ્વાતંત્ર્ય દિન/ટે.૧/ ૧૩૫૭-૬૨/૨૦૨૦
તા.૦૫/૦૮/૨૦૨૦

નકલ રવાના પ્રતિ:

૧. કુલસચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ સારૂ.
૨. કાર્યપાલક ઈજનેરશ્રી, ન.કૃ.યુ., નવસારી તરફ જાણ તેમજ ધ્વજવંદનનો સ્તંભની જરૂરી વ્યવસ્થા કરવા સારૂ.
૩. ડૉ. જે. એમ. વશી, પ્રોગ્રામ ઓફીસર, રા.સે.યો., અસ્પી બાગાયત-વ-વનીય મહાવિદ્યાલય, નવસારી તરફ કાર્યક્રમમાં સહભાગી થનાર વચ્ચે સામાજીક અંતર જાળવવાની વ્યવસ્થા થવા સારૂ.
૪. ચેરમેનશ્રી, વિદ્યાર્થી સંઘ, પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, નવસારી તરફ જાણ તેમજ ધ્વજવંદન પ્રસંગે માઇક સીસ્ટમની તથા ફોટોગ્રાફીની વ્યવસ્થા કરવા સારૂ.
૫. શારીરિક શિક્ષણ વ્યાખ્યાતા, અત્રેની કચેરી તરફ જાણ તેમજ ધ્વજવંદન કાર્યક્રમની યોગ્ય વ્યવસ્થા કરવા સારૂ.
૬. સિક્યુરીટી ઓફિસરશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ તેમજ ધ્વજ રક્ષક તથા કમાન્ડરની જવાબદારી અદા કરવા સારૂ.